પ્રેસ નોટ　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　૧ એપ્રિલ ૨૦૧૪

## દૂધસાગર ડેરી, મહેસાણા

### દૂધસાગર ડેરીનું ૨૫ % વૃધ્ધિ સાથે કુલ વેચાણ ૪૨૫૦ કરોડથી વધુ

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (દૂધસાગર ડેરી) એ રૂ. ૪૨૫૪.૨૯ કરોડનું વેચાણ નાણાકીય વર્ષ ૨૦૧૩ – ૧૪ માં હાંસલ કર્યું છે. જે પાછલા વર્ષની સરખામણી માં ૨૪.૯ % જેટલું વધુ છે. મહેસાણા સંઘ પાસે પાંચ ડેરી પ્લાન્ટ છે, જેમાંથી ત્રણ મોટી ડેરીઓ– દૂધસાગર ડેરી (૨૫ લાખ લિટર પ્રતિ દિન ક્ષમતા) , દૂધમાનસાગર ડેરી (૧૦ લાખ લિટર પ્રતિ દિન ક્ષમતા), અને દૂધમોતીસાગર ડેરી (૧૫ લાખ લિટર પ્રતિ દિન ક્ષમતા જેની ક્ષમતા ૩૦ લાખ લિટર સુધી વધારી શકાય તેમ છે.) આના સિવાય અન્ય બે ડેરીઓ પાટણ અને કડી ખાતે આવેલ છે. જેની ક્ષમતા ૨ લાખ લિટર પ્રતિ દિન છે. આ ઉપરાંત જગુદણ અને ઉબખલ ખાતે ખાણદાનના કારખાના આવેલ છે, જેની ક્ષમતા ૧૪૫૦ મેટ્રિક ટન પ્રતિ દિન છે, જેમાંથી સૌથી મોટો પ્લાન્ટ જગુદણ ખાતે છે, જેની ક્ષમતા ૧૦૦૦ મેટ્રિક ટન પ્રતિ દિન છે.

### જુદા – જુદા પ્લાન્ટનું ટર્નઓવર

( રકમ કરોડમાં )

| પ્લાન્ટોની જગ્યા | વર્ષ ૨૦૧૨ –૨૦૧૩ | વર્ષ ૨૦૧૩ –૨૦૧૪ |
|---|---|---|
| દૂધસાગર ડેરી, મહેસાણા | ૧૫૪૪.૧૩ | ૨૦૭૧.૬૮ |
| દૂધમાનસાગર ડેરી, માનેસર | ૧૩૦૧.૧૦ | ૧૩૧૯.૧૮ |
| દૂધમોતીસાગર ડેરી, ધારુહેડા | ૧૭૧.૫૬ | ૫૧૩.૪૯ |
| ખાણદાન પ્લાન્ટો | ૩૮૯.૪૧ | ૩૪૯.૯૪ |
| કુલ | ૩૪૦૬.૨૦ | ૪૨૫૪.૨૯ |

દૂધસાગર ડેરી ક્ષમતાની દ્રષ્ટિએ ભારતની સૌથી મોટી સહકારી ડેરી છે. જેની ૫૦ લાખ લિટર પ્રતિ દિન ક્ષમતા છે, જે ૬૫ લાખ લિટર પ્રતિ દિન ક્ષમતા સુધી વધારી શકાય તેમ છે. આમાંથી ૨૫ લાખ લિટર પ્રતિ દિન ક્ષમતા વાળી ડેરીઓ માનેસર અને ધારુહેડા ખાતે આવેલ છે, જે દિલ્લી / NCR ની નજીક છે, જયાં અમૂલ ફેડરેશન રોજના ૨૫ લાખ લિટર પ્રતિ દિનનો અમૂલ બ્રાન્ડનો ધંધો કરે છે. છતાં હાલમાં અમૂલ ફેડરેશન, દૂધસાગર ડેરી પાસેથી માત્ર અડધું દૂધ મેળવે છે. જો અમૂલ ફેડરેશન વધુ દૂધ દૂધસાગર ડેરીના માનેસર અને ધારુહેડા ખાતેના પ્લાન્ટથી મેળવે તો દૂધસાગર ડેરીનું વેચાણ હજુ વધુ ઉંચાઈઓને આંબી શકે. અમને આશા છે કે આવનારા વર્ષોમાં અમારું વેચાણ નવી ઉંચાઈઓને આંબશેં.